પેજ3

આલિયા ભટ્ટે ગણેશ ઉત્સવની ઝલક શેર કરી

મુંબઈ, તા. 20 ગણપતિ બાપ્પા ઘેર આવ્યા અને આલિયા ભટ્ટે ચાહકોને તેમના ગણેશ ચતુર્થીના ઉત્સવની એક નાની ઝલક શેર કરી હતી. શનિવારે અભિનેત્રીએ તેના પરિવારના ગણેશ ઉત્સવની કેટલીક તસવીરો શેર કરી હતી, જેમાં રણબીર કપૂર, નીતુ કપૂર, સોની રાઝદાન, શાહીન ભટ્ટ અને પુત્રી રાહા એકસાથે જોવા મળ્યા હતા. આલિયાએ તેનું કેપ્શન ટૂંકું અને મધુર રાખ્યું: "વીતેલું અઠવાડિયું". જોકે, તસવીરો એક સંપૂર્ણ વાર્તા કહે છે. ગણેશજીની મૂર્તિને ઘેર લાવવાથી લઈને પૂજા અને આરતી કરવા સુધી, પરિવાર ઉજવણીનો પૂરેપૂરો આનંદ લેતો દેખાયો હતો.

'બધાનું વજન વધે છે': કૈટરીના કૈફની ટ્રોલિંગ સામે સલમાન ખાને કહ્યું

મુંબઈ, તા. 20 'બિગ બોસ'ની વર્તમાન સીઝન હોસ્ટ કરી રહેલા અભિનેતાએ ઓનલાઇન અન્ય લોકોને નીચા દેખાડીને પૈસા કમાતા લોકોની ઝાટકણી કાઢી હતી અને સેલિબ્રિટીઝના બોડી-શેમિંગ અને એજ-શેમિંગની વધતી સંસ્કૃતિ પર સવાલ ઉઠાવ્યા હતા. સલમાને પ્રેગ્નેન્સી પછી સ્ત્રીઓ તેમના શરીરને લઈને જે તપાસ કે ટીકાનો સામનો કરે છે તે વિશે પણ વાત કરી હતી. કેટરીનાનું નામ લીધા વિના સંબોધતાં સલમાને કહ્યું હતું કે, "જે કોઈ પ્રેગ્નન્ટ બને છે તેને તમે કેમ ટ્રોલ કરો છો? પ્રેગ્નન્ટ થયા પછી દરેકનું વજન વધી જાય છે... પ્રેગ્નન્ટ હતી તો વજન વધી ગયું, પાછી મૂવીઝમાં આવશે તો ફિટ થઈ જશે. તેને તેના પરિવાર સાથે સમય વિતાવવો હતો."

બિગ બોસ ૨૦: ટ્રોલરોને ઝાટકવા સલમાન શર્ટલેસ થયો

મુંબઈ, તા. ૨૦ અભિનેતા સલમાન ખાન, જે હાલમાં 'બિગ બોસ ૨૦' હોસ્ટ કરી રહ્યો છે, તેમણે આ સપ્તાહના 'વીકેન્ડ કા વાર' એપિસોડ દરમિયાન ઓનલાઇન ટ્રોલિંગની સંસ્કૃતિ સામે અવાજ ઉઠાવ્યો હતો.

સલમાને કહ્યું, "તમે શું ટ્રોલ કરવા માંગો છો? અને શા માટે ટ્રોલ કરવા માંગો છો? માનસિકતા શું છે? મારી સાથે પણ આવું થયું છે. ભાઈ મોટા હો ગયા હૈ. કર લો ના ટ્રોલ, યે લો." ત્યાર બાદ તેમણે પોતાની ટોપી અને જેકેટ ઉતારી દીધા અને ઉમેર્યું, "કર લો ટ્રોલિંગ."

રશિયાએ યુદ્ધમાં યુક્રેન પાસેથી કબજે કરેલા વિસ્તારોમાં સંસદીય મતદાન કરાવ્યું

આ પ્રદેશોના રહેવાસીઓ પાસે બળજબરીથી મતદાન કરાવાયું હોવાનો યુક્રેનનો આક્ષેપ

કિવ, તા. ૨૦ (એપી) રશિયાની સંસદીય ચૂંટણીમાં પ્રથમ વખત એવા પ્રદેશોના રહેવાસીઓનો સમાવેશ થાય છે જેને મોસ્કોએ સાડાચાર વર્ષથી ચાલી રહેલા યુદ્ધ દરમિયાન યુક્રેન પાસેથી પોતાના કબજામાં લઈ લીધા છે. જે ક્રેમલિનના તેના પ્રભુત્વને મજબૂત કરવાના પ્રયાસોનો એક ભાગ છે.

કિવના અધિકારીઓએ આ પગલાની સખત શબ્દોમાં નિંદા કરી હતી અને તેને ગેરકાયદેસર ગણાવ્યું હતું અને એક માનવાધિકાર કાર્યકરે કહ્યું હતું કે, ત્યાંના રહેવાસીઓને ચૂંટણીમાં ભાગ લેવા માટે મજબૂર કરવામાં આવી રહ્યા છે.

જ્યારે સમગ્ર રશિયામાં મતદાન શુક્રવારથી શરૂ થયું હતું અને મતદાનની ટકાવારી વધારવામાં મદદ કરવા માટે રવિવાર સુધી ચાલે છે, ત્યારે યુક્રેનના જોડાયેલા ભાગોમાં અને સરહદના રશિયન બાજુના કેટલાક વિસ્તારોમાં મતદાન ખરેખર ગયા મહિનાના અંતથી જ ચાલી રહ્યું છે. સુરક્ષાના કારણોસર અધિકારીઓએ આ સમયગાળો લંબાવ્યો હોવાનું જણાવ્યું હતું.

રશિયન અધિકારીઓનું કહેવું છે કે, ડોનેત્સ્ક, લુહાન્સ્ક, ખેરસન અને ઝાપોરિઝિયા પ્રદેશો, જેને મોસ્કોના અધિકારીઓ ઘણીવાર 'નવા પ્રદેશો' તરીકે ઓળખાવે છે, ત્યાં ૩૫ લાખ કરતાં વધુ મતદારો છે.

સપ્ટેમ્બર ૨૦૨૨માં સંપૂર્ણ રીતે મોસ્કોના નિયંત્રણ હેઠળ ન હોવા છતાં,રશિયાએ તેને પોતાના કબજામાં લઈ લીધા હતા. આ પગલાને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા મળી નથી. ડોનેત્સ્ક પ્રદેશના રશિયાના કબજા હેઠળના ભાગમાં એક મતદાન મથક પર એક સશસ્ત્ર રશિયન સૈનિક નજીકમાં ઊભા રહીને જોઈ રહ્યો હતો ત્યારે મતદારોએ તેમના મતપેટીમાં મત નાખ્યા હતા.

નેપાળની ભયંકર પૂર હોનારતને ત્રણ સપ્તાહ કરતા વધુ સમય થઇ ગયો છે ત્યારે હજી પણ હજારો લોકો લાપતા છે તે સમયે એક પૂરથી તબાહ થયેલો વિસ્તાર તસવીરમાં જોઇ શકાય છે.

દિલ્હીમાં ક્રેન અને ઓટો-રિક્ષાને ડમ્પરે ટક્કર મારતાં ૪ લોકોનાં મોત

સરિતા વિહાર વિસ્તારમાં બનેલો બનાવ

નવી દિલ્હી, તા. ૨૦ (પીટીઆઈ): દક્ષિણપૂર્વ દિલ્હીના સરિતા વિહાર વિસ્તારમાં રવિવારે ટ્રાફિક પોલીસ માટે સીસીટીવી કેમેરા ઈન્સ્ટોલ કરવાનું કામ કરી રહેલા કામદારોની એક પાર્ક કરેલી ક્રેન અને ઓટો-રિક્ષાને એક ડમ્પર અડફેટે લેતાં એક એચઆર મેનેજર સહિત ચાર લોકોનાં મોત થયાં હતાં અને બે લોકો ઘાયલ થયા હતા. એમ પોલીસે જણાવ્યું હતું.

મૃતકો સીસીટીવી ઈન્સ્ટોલેશન કંપની માટે કામ કરતા હતા અને તેમાં બે પિતરાઈ ભાઈઓનો પણ સમાવેશ થાય છે. રવિવારે સવારે ૩:૨૦ વાગ્યે આ ઘટના બન્યા બાદ ઘટનાસ્થળેથી નાસી છૂટેલા ડમ્પરના ડ્રાઈવરને બાદમાં પકડી લેવામાં આવ્યો હતો.

ઘટના ત્યારે બની જ્યારે હરિયાણા પાસિંગનું મધ્યમ કદનું ડમ્પર નોઈડાથી દિલ્હી તરફ જઈ રહ્યું હતું અને રસ્તાની બાજુમાં પાર્ક કરેલી ક્રેન સાથે અથડાયું હતું.

ટ્રાફિક પોલીસના સર્વેલન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ભાગરૂપે સીસીટીવી કેમેરા ઈન્સ્ટોલ કરી રહેલા કામદારો દ્વારા ક્રેનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો, જ્યારે કામદારોમાંથી કેટલાકને લઈને જતી એક ઓટો-રિક્ષા નજીકમાં પાર્ક કરેલી હતી.

રાહુલના કાર્યક્રમમાં કોમેડિયને મોદીની મિમિક્રી કરતા વિવાદ

મધ્યપ્રદેશમાં રાહુલના કાર્યક્રમમાં પુલકિત મણીએ મોદીની ભેટવાની ટેવની ઠેકડી ઉડાવી

ભાજપે કોંગ્રેસને જોકરોની પાર્ટી ગણાવી

નવી દિલ્હી, તા. 20 (પીટીઆઈ): મધ્ય પ્રદેશમાં વિપક્ષી નેતાના એક કાર્યક્રમમાં સ્ટેન્ડ-અપ કોમેડિયન દ્વારા વડા પ્રધાન નરેન્દ્ર મોદીની મિમિક્રી કરવામાં આવ્યા બાદ ભાજપે રવિવારે જણાવ્યું હતું કે, કોંગ્રેસ એક 'સર્કસ' બની ગઈ છે અને રાહુલ ગાંધીને 'અસંસ્કારી નારાજ ફૂવા' કહ્યા છે.

કોંગ્રેસ દ્વારા એક્સ પર શેર કરવામાં આવેલા વીડિયોમાં શનિવારે ઈન્દોરમાં 'છાત્રોં કી ગૂંજ' કાર્યક્રમની નવીનતમ આવૃત્તિ દરમિયાન રાહુલ ગાંધી સાથે એક સ્કિટ રજૂ કરતી વખતે સ્ટેન્ડ-અપ કોમેડિયન પુલકિત મણિ વડા પ્રધાન મોદીની મિમિક્રી કરતો જોવા મળ્યો હતો.

આ ટૂંકા અભિનયમાં મણિ હસતાં-હસતાં સ્ટેજ પર આવે છે અને ગાંધીને ગળે લગાવે છે. ''મારા મિત્ર. તમે કેમ છો?" આના પર ગાંધીએ જવાબ આપ્યો, "હું મજામાં છું; તમે કેમ છો, મોદીજી?" મણિએ જવાબ આપ્યો, "ખૂબ જ પરેશાન કરી રહ્યા છો" અને "મારા મિત્ર" શબ્દનો ઉપયોગ કરીને હસવાનું ચાલુ રાખ્યું. ત્યાર બાદ ગાંધીએ કહ્યું, "તમને મળીને ખૂબ આનંદ થયો." અને મણિને "મને વધુ જણાવો" તેમ કહ્યું.

કોમેડિયન હસતા રહ્યો અને ગાંધીને વારંવાર ભેટતો રહ્યો અને પછી પ્રેક્ષકો તરફ ઈશારો કરીને કહ્યું, "મા કો ખુરશી દો, મા."

આ રાજકીય સ્કિટ પર તીખી પ્રતિક્રિયા આપતાં કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે એક્સ પર લખ્યું, "અસંસ્કારી નારાજ ફૂફા."

કેન્દ્રીય મંત્રી રિજીજુએ કહ્યું હતું કે, "કોંગ્રેસ પાર્ટી હાસ્ય કલાકારો અને જોકર્સની પાર્ટી બની ગઈ છે!

મુંબઈમાં ગણેશ પંડાલ નજીક વીજ કરંટ લાગવાથી 2નાં મોત, ચારને ઇજા

લાલબાગ વિસ્તારમાં આવેલ ગણેશ પંડાલમાં પાણીની પરબમાં કરંટ ઉતરતો હતો

એક બાળકી ગંભીર હાલતમાં હોસ્પિટલમાં

મુંબઈ, તા. 20 (પીટીઆઈ) મુંબઈના લાલબાગ વિસ્તારમાં ગણેશ પંડાલ પાસેના અસ્થાયી પીવાના પાણીના સ્ટોલ પર વીજ આંચકો લાગવાથી એક આઠ વર્ષની બાળકી અને એક મહિલાનું મોત થયું હતું, જ્યારે અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

આ ઘટના રવિવારે વહેલી સવારે 2.20 વાગ્યે કાલાચૌકી ખાતે દત્તારામ લાડ માર્ગ પર આવેલા દિગ્વિજય મિલ ચાલ (રો ટેનામેન્ટ)માં મહાગણપતિ ઉત્સવ મંડળના પ્રવેશદ્વાર પાસે શોર્ટ સર્કિટના કારણે બની હતી, જ્યારે ચાલુ ગણેશ મહોત્સવ દરમિયાન આ વિસ્તારમાં ભારે ભીડ જોવા મળી હતી.

અધિકારીઓએ જણાવ્યું કે, પંડાલના પ્રવેશદ્વાર પાસે ઊભા કરાયેલા અસ્થાયી પીવાના પાણી અને કોલ્ડ ડ્રિંક્સના સ્ટોલ પર વીજ પ્રવાહ ફેલાયો હતો.

ઘટના બાદ ફાયર બ્રિગેડના જવાનોએ તાત્કાલિક સ્થળ પરનો વીજ પુરવઠો બંધ કરી દીધો હતો અને સાવચેતીના પગલે વિસ્તારને બેરિકેડ લગાવીને સીલ કરી દેવામાં આવ્યો હતો.

વીજ આંચકાનો ભોગ બનેલા છ વ્યક્તિઓને નજીકની હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમાંથી બેને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

એક નાની બાળકી, જેની ઓળખ રાગિની ઘનશ્યામ યાદવ (8) તરીકે થઈ છે, તેને બાયકુલાની મસીના હોસ્પિટલમાં મૃત જાહેર કરવામાં આવી હતી. એક નાગરિક અધિકારીએ જણાવ્યું હતું કે અન્ય ત્રણ - કિરણ અકબર નાઈક (19), તન્વી નરેશ હાંડે (19) અને સાહિલ સંદીપ તારે (19) હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેમની તબિયત સ્થિર હોવાનું જણાવવામાં આવ્યું હતું.

અન્ય બે વ્યક્તિઓને પરેલની ગ્લોબલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં સુજાતા (33) નામની મહિલાને મૃત જાહેર કરવામાં આવી હતી. એક સગીર બાળકી, રૂહી સિંહ (12)ની તબિયત નાજુક છે અને તેને ઇન્ટેન્સિવ કેર યુનિટ (આઈસીયુ)માં દાખલ કરવામાં આવી છે.

ઉત્તર પ્રદેશમાં ભાજપ શાસન દરમિયાન આંબેડકરની ૧૫૧ પ્રતિમાઓની તોડફોડ: અખિલેશ

સમાજવાદી પાર્ટીના વડાએ આક્ષેપ કર્યો કે, અત્યાર સુધી માત્ર ૧૪ની ધરપકડ થઈ છે

લખનઉ, તા. ૨૦ (પીટીઆઈ) - સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે રવિવારે દાવો કર્યો હતો કે, ઉત્તર પ્રદેશમાં ભાજપના શાસન દરમિયાન ૭૨ જિલ્લાઓમાં બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની ૧૫૧ મૂર્તિઓને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું, પરંતુ અત્યાર સુધી માત્ર ૧૪ લોકોની જ ધરપકડ કરવામાં આવી છે.

યાદવે આક્ષેપ કર્યો હતો કે, આ તોડફોડ જાણીજોઈને કરવામાં આવી હતી. કારણ કે, ભાજપ બંધારણ બદલવા માંગતો હતો પરંતુ તેમ કરી શક્યો નહીં.

ભાજપ તરફથી કોઈ તાત્કાલિક પ્રતિક્રિયા આવી ન હતી.

લખનઉ સ્થિત પાર્ટી કાર્યાલય પર પત્રકારો સાથે વાત કરતાં યાદવે જણાવ્યું હતું કે, "બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની મૂર્તિઓને સૌથી વધુ નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. ભાજપ સરકાર હેઠળ ૭૨ જિલ્લાઓમાં ૧૫૧થી વધુ (આંબેડકર મૂર્તિઓ)ને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે અથવા તોડફોડ કરવામાં આવી છે."

યાદવે કહ્યું, "આ જાણીજોઈને કરવામાં આવ્યું. કારણ કે, તેઓ (ભાજપ) બંધારણ બદલવા માંગતા હતા, પરંતુ તેમ કરી શક્યા નહીં. એટલા માટે જ્યારે પણ ભાજપ અને તેની વિચારધારા ધરાવનારાઓ હુમલો કરે છે ત્યારે તેઓ પહેલી ચીજ બંધારણની કોપીને નિશાન બનાવે છે."

યાદવે જણાવ્યું કે, સમાજવાદી પાર્ટી કુલ ૧૫૧ કેસોના દસ્તાવેજો તૈયાર કરી શકી છે.

યાદવે કહ્યું, "કુલ મળીને અમે ૧૫૧ કેસોના દસ્તાવેજો તૈયાર કરવામાં સક્ષમ રહ્યા છીએ. જો આપણે સરેરાશ ગણીએ તો આ સરકાર હેઠળ દર વર્ષે ૧૫થી વધુ મૂર્તિઓને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. એવા કેસો પણ હોઈ શકે છે જે રેકોર્ડમાં નથી અને ગણતરીમાં લીધા નથી."

સરકારી આંકડાઓ ટાંકતાં યાદવે જણાવ્યું કે, માત્ર ૧૪ કેસમાં જ ધરપકડ કરવામાં આવી છે.

મુંબઈમાં મેટ્રોના બાંધકામના સ્થળે લોખંડનું બેરિકેડ પડતાં બાઈકસવારનું મોત

મુંબઇમાં મેટ્રો બાંધકામના સ્થળે જીવલેણ અકસ્માતનો આ વર્ષે બીજો બનાવ

મુંબઈ, તા. ૨૦ (પીટીઆઈ): મુંબઈમાં મેટ્રોના ચાલી રહેલા બાંધકામની કામગીરી માટે ઊભું કરવામાં આવેલું ભારે લોખંડનું બેરિકેડ અચાનક તૂટી પડતાં મોટરસાઈકલ ચલાવી રહેલા ૫૪ વર્ષીય પ્લમ્બરનું મોત થયાનું અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું.

આ ઘટના શુક્રવારે ઘાટકોપરના એલબીએસ રોડ પર બની હતી.

પાર્કસાઈટ પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું હતું કે, પીડિતની ઓળખ ઘાટકોપરના અશોક નગરના રહેવાસી વસીમ હૈદર રિઝવી તરીકે થઈ છે, જ્યારે તેઓ બાયોટેક કંપનીની ઈમારત પાસે પોતાની મોટરસાઈકલ પર જઈ રહ્યા હતા ત્યારે અચાનક આશરે ૬બાય૮ ફૂટનું લોખંડનું બેરિકેડ તેમના પર પડ્યું હતું.

પોલીસે જણાવ્યું કે, રિઝવીને તાત્કાલિક સારવાર માટે સરકારી રાજવાડી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. પાર્કસાઈટ પોલીસે બાદમાં આ અંગે ગુનો નોંધીને આ ઘાતક અકસ્માત તરફ દોરી જતા સંજોગોની તપાસ શરૂ કરી છે.

શહેરમાં ચાલી રહેલા મેટ્રો બાંધકામ પ્રોજેક્ટ્સની આસપાસ સુરક્ષા અંગેની ચિંતાઓ રહી છે. અગાઉ, ૧૪ ફેબ્રુઆરીના રોજ મુંબઈના મુલુંડ વિસ્તારમાં મેટ્રો બાંધકામ સ્થળ પર વાહનો પર કોંક્રિટ પેરાપેટ સેગમેન્ટ તૂટી પડતાં એક વ્યક્તિનું મોત થયું હતું અને અન્ય ત્રણ લોકો ઘાયલ થયા હતા.

પીએનબીના નકલી કરન્સી કેસમાં એનઆઈએએ બે સૂત્રધારોની ધરપકડ કરી

ગયા મહિને પીએનબીની કરન્સી ચેસ્ટમાંથી 17.29 કરોડ રૂપિયાની કિંમતની નકલી નોટો મળી આવી હતી

નવી દિલ્હી, તા. 20 (પીટીઆઈ) રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ)એ ઉત્તર પ્રદેશના સહારનપુરમાં પંજાબ નેશનલ બેંકની કરન્સી ચેસ્ટ દ્વારા જાલી ચલણી નોટો ચલાવવાના આરોપમાં બે મુખ્ય આરોપીઓની ધરપકડ કરી છે. એમ અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું. આરોપીઓની ઓળખ મુકેશ કુમાર અને રાજેન્દ્ર કુમાર તરીકે થઈ છે, જે બંને સહારનપુરના રહેવાસી છે.

એનઆઈએએ એક નિવેદનમાં જણાવ્યું કે, બંને આરોપીઓ અગાઉ પકડાયેલા મુખ્ય આરોપી આદેશ ચૌધરીના નજીકના સહયોગી છે અને સહારનપુરના સિવિલ લાઈન્સ સ્થિત પંજાબ નેશનલ બેંક (પીએનબી)ની કરન્સી ચેસ્ટ દ્વારા જાલી ચલણી નોટો ચલાવવાના કાવતરામાં પણ મુખ્ય આરોપી છે.

29 ઓગસ્ટે સહારનપુરના સદર બજાર પોલીસ સ્ટેશનને પીએનબીની કરન્સી ચેસ્ટમાંથી 17.29 કરોડ રૂપિયાની કિંમતની નકલી ભારતીય ચલણી નોટો મળી આવ્યા અંગેની વિશ્વસનીય માહિતી મળી હતી.

તપાસ દરમિયાન બેંકના ત્રણ કર્મચારીઓની સંડોવણી સામે આવી હતી અને ત્યાર બાદ બેંક દ્વારા તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

વરિષ્ઠ પત્રકાર પાયલ મહેતાનું નિધન

નવી દિલ્હી, તા. 20 (પીટીઆઈ): સીએનએન-ન્યૂઝ18નાં વરિષ્ઠ પત્રકાર પાયલ મહેતાનું રવિવારની વહેલી સવારે મુંબઈમાં અવસાન થયું હતું.

46 વર્ષીય મહેતા મુંબઈની મુલાકાતે હતા ત્યારે તેમને વહેલી સવારે અસ્વસ્થતા જણાઈ હતી. તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમનું અવસાન થયું હતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, કોંગ્રેસના નેતાઓ રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે, લોકસભાના સ્પીકર ઓમ બિરલા, મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, આસામના મુખ્ય પ્રધાન હિમંત બિસ્વા સરમા અને અન્ય કેન્દ્રીય પ્રધાનોએ મહેતાના અવસાન પર શોક વ્યક્ત કર્યો હતો.

એક્સ પર એક પોસ્ટમાં વરિષ્ઠ પત્રકાર શીલા ભટ્ટે જણાવ્યું હતું કે, "મુંબઈની મુલાકાત દરમિયાન તેમને અસ્વસ્થતા જણાઈ હતી.

બેઘર લોકોની સમસ્યા ફક્ત ગરીબ દેશોમાં જ નથી. હવે યુકે, અમેરિકા જેવા દેશોમાં પણ ઘણા લોકો બેઘર છે. યુકેના લંડન શહેરની એક ફૂટપાથ પર કેટલાક બેઘર પુરુષો કચરા વચ્ચે બેઠેલા જણાય છે.

ઉત્તર કોરિયાએ ફરીથી મિસાઈલ લોન્ચ કરતા કોરિયન ક્ષેત્રમાં ભારે તનાવ

પૂર્વીય જળસીમામાં મિસાઇલ છોડી, ૪૫૦ કિમી સુધી દૂર ગઇ

સૌલ, તા. 20 (એપી) - ઉત્તર કોરિયાએ રવિવારે સમુદ્ર તરફ એક ટૂંકા અંતરની બેલેસ્ટિક મિસાઈલ લોન્ચ કરી છે. તેમ દક્ષિણ કોરિયાના લશ્કરે જણાવ્યું હતું. ઉત્તર કોરિયા દ્વારા તેના પરમાણુ પ્રતિરોધક ક્ષમતાઓને મજબૂત કરવા અને યુએસની શત્રુતાપૂર્ણ કાર્યવાહીનો જવાબ આપવાની ધમકી આપવામાં આવી તેના બે દિવસ પછી આ ઘટના બની છે.

દક્ષિણ કોરિયાના લશ્કરે જણાવ્યું હતું કે, મિસાઈલ ઉત્તર કોરિયાની પૂર્વીય જળસીમા તરફ આશરે 450 કિલોમીટર સુધી ગઈ હતી.

કલાકો પછી સેનાએ જણાવ્યું હતું કે, ઉત્તર કોરિયાએ તેના પૂર્વીય તટ પરથી અન્ય એક પ્રોજેક્ટાઈલ લોન્ચ કર્યું છે, પરંતુ તે કયા પ્રકારનું શસ્ત્ર હતું તે અંગે કોઈ વધુ વિગતો આપી ન હતી. દક્ષિણ કોરિયાના લશ્કરે જણાવ્યું છે કે, તેણે તેની દેખરેખ સ્થિતિ વધારી દીધી છે અને યુનાઈટેડ સ્ટેટ્સ અને જાપાન સાથે લોન્ચ વિશેની માહિતીની નજીકથી આપ-લે કરી રહી છે.

દક્ષિણ કોરિયાની રાષ્ટ્રપતિ કાર્યાલયે ઉત્તર કોરિયાને યુએન (સંયુક્ત રાષ્ટ્ર) સુરક્ષા પરિષદના પ્રસ્તાવ દ્વારા પ્રતિબંધિત બેલેસ્ટિક મિસાઈલ લોન્ચ કરવાનું તાત્કાલિક બંધ કરવા વિનંતી કરી છે. કાર્યાલયે જણાવ્યું કે, દક્ષિણ કોરિયાએ આ પ્રક્ષેપણની ચર્ચા કરવા માટે એક કટોકટીની રાષ્ટ્રીય સુરક્ષા પરિષદની બેઠક યોજી હતી.

જાપાનના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે, તેણે રવિવારની વહેલી સવારે ઉત્તર કોરિયાની શંકાસ્પદ મિસાઈલ જોઈ હતી પરંતુ તે મિસાઈલ તેના પ્રાદેશિક પાણીમાં પડી ન હતી. જોકે, તે કયાં પડી તે અંગે તેણે વધુ વિગતવાર જણાવ્યું નહોતું.